સંક્ષિપ્ત સમાચાર

લીમખેડા ખાતે શ્રી હસ્તેશ્વર સ્કૂલમાં ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી

લીમખેડા : શ્રી હસ્તેશ્વર સ્કૂલ, લીમખેડા ખાતે ગુરુ પૂર્ણિમા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા ગુરુના મહિમાને ઉજાગર કરતી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલન અને ગુરુ વંદનાથી કરવામાં આવી. વિદ્યાર્થીઓએ ગુરુના મહત્વ વિષે સુંદર ભાષણો રજૂ કર્યા તેમજ "ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ" જેવા શ્લોકોના ગાન દ્વારા સમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવી દીધું હતુ.

કાલોલની સી. બી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે એક મિનિટની રમતોનુ આયોજન કરાયું

કાલોલ : શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ કાલોલ ખાતે આજ રોજ ગૌરીવ્રત નિમિત્તે એક મિનિટની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ કે ચાંલ્લા ચોટાડવા, સાડી પહેરવી, ફુગ્ગા ફોડવાની રમત, આઈ કોન્ટેક્ટ જેવી અલગ-અલગ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે કુલ ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક વિવિધ રમતોમાં ભાગ લીધો હતો અને આનંદથી રમતો નિહાળી હતી.

હાલોલની કલરવ શાળામાં ગૌરીવ્રત નિમિત્તે ઘરેણા હરિફાઇ યોજવામાં આવી

હાલોલ : હાલોલ કલરવ શાળામાં ગૌરીવ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી. જેમાં તારીખ 27/7/2026 ને સોમવારના રોજ ઘરેણા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધા ધોરણ 5 થી 12 ના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ ના વિદ્યાર્થીઓ માટે યોજાઈ. આ ઘરેણા સ્પર્ધામાં બંને માધ્યમના 230 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને આકર્ષક અને કલાત્મક ઘરેણા બનાવીને બધાને મંત્રમુગ્ધ કર્યા. આમ આ સ્પર્ધામાં આકર્ષક અને કલાત્મક રીતે ઘરેણા બનાવનાર વિદ્યાર્થીઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર આપીને પ્રમાણપત્રથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેમજ શાળાના આચાર્ય ડૉ. કલ્પનાબેન જોશીપુરા આ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા.

ઝાલોદના મહુડી ગામે ટ્રક-બાઈક વચ્ચેના અકસ્માતમાં બાઈક ચાલકનું મોત

દાહોદ : ઝાલોદ તાલુકાના મહુડી ગામે માતેલા સાંઢની જેમ યુમદૂત બની પુરપાટ દોડી આવતી ટ્રક ચાલક તેના કબજાની જીજે૦૧-૫૫૨૬૦ નંબરની ટાટા કંપનીની ટ્રક ગઈકાલે રાતે સાડા આઠ વાગ્યાના સુમારેપૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ જઈ ઝાલોદ તાલુકાના મહુડી ગામે સામેથી આવતી જીજે ૨૭ એજી- ૩૫૯૮ નંબરની મોટરસાયકલને અડફેટમાં લઈ પોતાના કબજાની ટ્રક લઈ નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટરસાયકલ ચાલક ઝાલોદ તાલુકાના છાસીયા ગામે સુવર ફળિયામાં રહેતા ગિરીશભાઈ સુવર, તથા મોટરસાયકલ પર પાછળ બેઠેલ વિપુલભાઈ તેમજ સુકમભાઈ એમ ત્રણેય જણા મોટરસાયકલ પરથી ફંગોળાઈને રોડ પર જોશભેર પટકાતાં ગિરીશ ભાઈને માથાના ભાગે તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થવા પામતા તેઓનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

---

૬ વોન્ટેડ, ૬૮૫ કીલો ગૌમાસ અને ૧૩ જીવંત ગૌવંશ બચાવાયું

કાલોલમાં ચાલતા ગૌવંશ કતલખાના પરથી ૨૨ આરોપીઓ રંગેહાથ ઝડપાયા

પોલીસે ૬૮૫ કિલોગ્રામ ગૌમાસ કિંમત રૂ. ૧,૩૭,૦૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો

(પ્રતિનિધી) કાલોલ, તા.28

સોમવારે એક તરફ કાલોલ સ્થિત કામધેનુ ગૌશાળા ખાતે 'ગૌ સન્માન આહ્વાન અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગૌરક્ષા અને સંવર્ધન માટે યોગ્ય સરકારી નીતિઓ નિર્ધારિત કરવાની માંગ સાથે મોટી સંખ્યામાં ગૌપ્રેમીઓએ સહીઓ કરીને પોતાનું સમર્થન આપ્યું હતું. લોકોએ એકસૂર થઈને સરકાર સમક્ષ ગૌસંરક્ષણ માટે કડક કાયદાકીય પગલાં ભરવાની માંગ બુલંદ કરી હતી.જોકે, બીજી તરફ કાલોલના કસ્બા અને સડક ફળિયાના વાડો ગણાતા વિસ્તારમાં બહુમતી સમાજની ધાર્મિક લાગણીઓને દુભાવીને ચાલતા ગેરકાયદેસર ગૌવંશ કતલખાના પર પોલીસે દરોડો પાડ્યો હતો. કાલોલ શહેરમાં કચેરી રોડ પર આવેલ અર્બન દવાખાના પાછળના કસ્બા વિસ્તારમાં ચાલી રહેલા ગેરકાયદે ગૌવંશના કતલખાના પર પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ખાનગી બાતમીના આધારે કાલોલ પોલીસ સ્ટેશનની ટીમે દરોડો પાડીને ૨૨ જેટલા આરોપીઓને સ્થળ પરથી જ ઝડપી પાડ્યા છે.કાલોલ પોલીસ સ્ટેશનના સિનિયર પીઆઈ આર ડી ભરવાડને ચોક્કસ બાતમીના આધારે ૨૭ જુલાઈ ૨૦૨૬ના રોજ સવારે આશરે ૦૯:૦૦ વાગ્યે બે સ્વતંત્ર પંચોને સાથે રાખી સડક ફળીયા/કસ્બા વિસ્તારમાં આવેલ જુલેખાબાનુ ઉર્ફે જુલી હબીબ બેલીમના રહેણાકી મકાન પર દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન ઘરમાં ગૌવંશની કતલ કરી માંસનું વેચાણ અને પેકિંગ થતું હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસની ટીમ ઘરમાં પ્રવેશતા જ અફરાતફરી મચી ગઈ હતી, પરંતુ પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી સ્થળ પર હાજર ૪ પુરુષો અને ૧૮ મહિલાઓ સહિત કુલ ૨૨ આરોપીઓને ઝડપી લીધા હતા. કબાટ અને અંગઝડતીમાંથી મળી આવેલ રૂ. ૨,૨૯,૯૩૦ ની રોકડ રકમ,મોબાઈલ ફોન, ગૂગલ પે ઓનલાઈન સ્કેનર્સ, ડિજિટલ વજન કાંટા, કતલ કરવાના તીક્ષ્ણ હથિયારો (છરીઓ, છરા, પારીયા), લાકડાના ઢીબલા, પ્લાસ્ટિકની ડોલ તથા થેલીઓ. જપ્ત કરાયેલા કુલ મુદ્દામાલની કિંમત રૂ. ૫,૯૮,૩૫૨/- આંકવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં તંત્ર કામે લાગ્યું

ભારે વરસાદથી અસરગ્રસ્ત માર્ગોનું યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરાયું

(પ્રતિનિધી) હાલોલ, તા.29

પંચમહાલ જિલ્લામાં વર્તમાન ચોમાસાની ઋતુ દરમિયાન થયેલા ભારે વરસાદને પરિણામે ગ્રામીણ તથા મુખ્ય માર્ગોને થયેલા નુકસાનને પગલે પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ, ગોધરા દ્વારા નાગરિકોની સુવિધા અને માર્ગ સુરક્ષાને પ્રાથમિકતા આપીને યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં હાલોલ તાલુકાના રામેશરા-તરગોળ રોડ પર સિંચાઈ વિભાગ દ્વારા માઈનોર કેનાલ ક્રોસ કરીને નવીન સ્ટ્રક્ચર નિર્માણની કામગીરી ચાલતી હતી. આ દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે સ્ટ્રક્ચરની આસપાસની માટીનું મોટા પ્રમાણમાં ધોવાણ થતાં માટી રસ્તા પર પથરાઈ ગઈ હતી. આના કારણે સ્થાનિક રાહદારીઓ તેમજ વાહનચાલકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, હાલોલની ટીમ દ્વારા સ્થળ પર પહોંચી તાત્કાલિક અસરથી કામગીરી શરૂ કરવામાં આવી હતી. માર્ગ પરથી માટી હટાવીને તાત્કાલિક ધોરણે G.S.B. (ગ્રેન્યુલર સબ-બેઝ) તથા મેટલ (કાંકરી/કંકર) પાથરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

કૃષિ અને પંચગવ્ય ઉત્પાદનોને પ્રોત્સાહન મળે તેવી માંગ

પંચમહાલમાં 'ગૌ સન્માન આહ્વાન અભિયાન' અંતર્ગત કલેક્ટરને આવેદનપત્ર

(પ્રતિનિધી) હાલોલ, તા.28

ગૌ સન્માન આહ્વાન અભિયાન અંતર્ગત પંચમહાલ જિલ્લાના ગૌપ્રેમી જનતા દ્વારા ગાય માતાના સન્માન, સંરક્ષણ અને સુરક્ષા માટે જિલ્લા કલેક્ટરને ગઈકાલે સોમવારના રોજ આવેદનપત્ર આપવામાં આવ્યું. ગૌપ્રેમીઓ દ્વારા ગાય માતાને રાષ્ટ્રીય માતાનો દરજ્જો આપવા, દેશમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા તેમજ ગાયોની સેવા અને સુરક્ષા માટે અસરકારક કાયદાકીય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ સાથે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી. આ અભિયાન અંતર્ગત 27 જુલાઈ 2026ના રોજ દેશભરમાં ગૌપ્રેમીઓ દ્વારા સંકલ્પ અને પ્રાર્થના સાથે પોતાના-પોતાના જિલ્લા કલેક્ટર મારફતે આવેદનપત્ર આપવાનું આહ્વાન કરવામાં આવ્યું હતું. પંચમહાલમાં પણ ગૌપ્રેમી જનતાએ એકત્ર થઈ આ અભિયાનને સમર્થન આપ્યું. આ ઉપરાંત આવેદનપત્રમાં ગૌસેવા માટે કેન્દ્રીય કાયદો અને કેન્દ્રીય ગૌસેવા મંત્રાલયની રચના, ગૌચર જમીનનું સંરક્ષણ તથા ગૌઆધારિત કૃષિ અને પંચગવ્ય ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા જેવી વિવિધ માંગણીઓ રજૂ કરવામાં આવી.

કાલોલ પાલિકા કોમ્યુનિટી હોલમાં આત્મીય સંવાદ કાર્યક્રમ યોજાયો

કાલોલ : કાલોલ તાલુકા અને નગર ભારતીય જનતા પાર્ટી દ્વારા કાલોલ નગરપાલિકા કોમ્યુનિટી હોલ ખાતે "બૂથ સંવાદ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપા પ્રમુખ મયંકભાઈ દેસાઈ (લાલાભાઈ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સંગઠનના પદાધિકારીઓ તથા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, જિલ્લા પંચાયતના પ્રમુખ નીરજભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી કુલદીપસિંહ સોલંકી, નરેન્દ્રસિંહ ગોહિલ અને જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ ડોક્ટર યોગેશભાઈ પંડ્યા સહિત તેમની સાથે જિલ્લા ભાજપાના અન્ય પદાધિકારીઓ, કાલોલ તાલુકા અને નગરના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.

સુખસર તાલુકામાં રામ ભરોસે ચાલતી કામગીરી

રેવન્યુ તલાટીઓના અભાવે કામકાજ અર્થે ધરમ ધક્કા ખાતા અરજદારો

(પ્રતિનિધિ) સુખસર,તા.28

સુખસર પંથકમાંથી અગાઉ ફતેપુરા તાલુકા મથક ટીડીઓ તથા મામલતદાર કચેરી ખાતેની કોઈ પણ કામગીરી માટે અવર-જવર કરવા માટે અરજદારોને સમય અને નાણાનો વેડફાટ થતો હતો.ત્યારે ફતેપુરા તાલુકા માંથી વિભાજન થઈ નવીન સુખસર તાલુકાની રચના કરવામાં આવતા હવે તાલુકા કચેરીઓની કોઈપણ કામગીરીની સુવિધા સ્થાનિક જગ્યાએ મળી રહેવાના અણસાર જણાતા પ્રજામાં ખુશીનો માહોલ સર્જાયો હતો.પરંતુ આ આશા ઠગારી નીવડી છે.વહીવટી તંત્રોની બેદરકારીથી તલાટીઓની સામાન્ય કામગીરી માટે સુખસર તાલુકાની પ્રજા ધરમધક્કા ખાઈ રહી હોવાની ચર્ચા સાંભળવા મળે છે.ત્યારે તાલુકાની પ્રજાના સરળતાથી સમયસર કામગીરી થઈ યોગ્ય ન્યાય મળી રહે તે બાબતે ઉચ્ચ અધિકારીઓએ ધ્યાન આપવાની જરૂરત જણાઈ રહી છે. ખાસ કરીને ખેડૂતો તથા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જાતિ આવકના દાખલા તેમજ નોન ક્રિમિનલ સર્ટિફિકેટની જરૂરત પડતા આ દાખલા કાઢવા માટે તલાટીઓની સહીની ખાસ જરૂરત રહે છે. અને રેવન્યુ તલાટીઓ ના અભાવે કેટલાક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એડમિશનથી વંચિત રહેતા વર્ષ બગડે તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે.પંચાયત તલાટીઓ મહેસુલની કામગીરી નહીં કરવા એક પ્રકારે લાંબા સમયથી હડતાલ ઉપર છે.સુખસર તાલુકાના 46 ગામડાઓ માટે બે રેવન્યુ તલાટીઓ મૂકવામાં આવેલા હતા. અને કામગીરીના ભારણના લીધે 8 નવા તલાટીઓની રેવન્યુ તલાટી તરીકે જગ્યા ભરવામાં આવેલ હતી. બીજી બાજુ જોઈએ તો આ બંને રેવન્યુ તલાટીઓને ફરીથી ફતેપુરા તાલુકા મામલતદાર કચેરી ખાતે બોલાવી લેવામાં આવ્યા છે. જ્યારે સુખસર ખાતે જે નવા આઠ રેવન્યુ તલાટીઓને મૂકવામાં આવેલ છે તે તલાટીઓ અઠવાડિયાઓથી તાલીમમાં ગયેલ હોવાનું કહેવાય છે.

ઝાલોદ થી રાજસ્થાનની એમ્બ્યુલન્સની આડમા નશીલા પદાર્થ ની હેરાફેરી

દાહોદ પોલીસે એમ્બ્યુલન્સમાંથી ૫૭૯ કિલો પોશડોડાનો જથ્થો ઝડપી પાડ્યો

(પ્રતિનિધી) દાહોદ, તા.28

દાહોદ જિલ્લાના ઝાલોદ વિસ્તારમાં પોલીસે એક ચોંકાવનારા અને મોટા માદક પદાર્થના નેટવર્કનો પર્દાફાશ કરીને લાખો રૂપિયાનો નશીલો પદાર્થ ઝડપી પાડ્યો છે. સામાન્ય રીતે દર્દીઓનો જીવ બચાવવા માટે વપરાતી એમ્બ્યુલન્સનો ઉપયોગ અહીં ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે થઈ રહ્યો હતો. રાજસ્થાનથી ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહેલા આ માદક પદાર્થના જથ્થાને દાહોદ પોલીસે ઝડપી લીધો છે. દાહોદમાં એમ્બ્યુલન્સમાંથી 86 લાખનો નશીલો પદાર્થ ઝડપાયો દાહોદ પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઝાલોદ નજીક વોચ ગોઠવવામાં આવી હતી. તપાસ દરમિયાન એક શંકાસ્પદ એમ્બ્યુલન્સ ને રોકીને તેની તલાશી લેવામાં આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. એમ્બ્યુલન્સ ની અંદર દર્દીની જગ્યાએ માદક પદાર્થોનો મોટો જથ્થો છુપાવેલો હતો. ઝાલોદમાં એમ્બ્યુલન્સ દ્વારા થતી નશાની હેરાફેરીનો પર્દાફાશ અભિયાન દરમિયાન પોલીસે એમ્બ્યુલન્સમાંથી કુલ 579 કિલોગ્રામ પોષડોડા (અફીણના ડોડા)નો જથ્થો જપ્ત કર્યો છે. આ આંતરરાજ્ય નેટવર્ક રાજસ્થાનથી બોર્ડર પાર કરાવીને ગુજરાતના વિવિધ વિસ્તારોમાં નશીલા પદાર્થો પહોંચાડવાનું કામ કરતું હતું. ઈમરજન્સી વાહનનો કવર તરીકે ઉપયોગ કરીને પોલીસને ગુમરાહ કરવાનો આ કાસોડી પ્રયાસ હતો. રાજસ્થાનથી એમ્બ્યુલન્સમાં લવાતો માદક પદાર્થનો જથ્થો પકડાયો હતો.

હાલોલના તાજપુરા સ્થિત નારાયણ ધામ ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી

હાલોલ : હાલોલ તાલુકામાં આવેલ શ્રીનારાયણ ધામ તાજપુરા ખાતે બુધવાર ના રોજ ભક્તિ પૂર્ણ માહોલમાં ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવનાર છે. તાજપુરા ખાતે ગુરુપૂર્ણિમાનું આયોજન નારાયણ આરોગ્ય ધામ અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. લાખોની સંખ્યામાં ભક્તો ગુરુ વંદના કરવા આવનાર હોય આયોજકો દ્વારા આયોજનને પ્રસાદની તૈયારીઓ પૂર્ણ કરી દેવાઇ છે.

પંચમહાલ જિલ્લામાં LCBનો મોટો દરોડો

ખડકી ટોલનાકા પાસે કન્ટેનરમાંથી રૂ. ૯૩ લાખથી વધુનો દારૂ ઝડપ્યો

(પ્રતિનિધી) કાલોલ, તા.28

પંચમહાલ જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ અને દારૂની હેરાફેરી પર અંકુશ મેળવવા માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા મળેલ સૂચના મુજબ પંચમહાલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ ગોધરા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પી આઈ એ.બી. વોરાના માર્ગદર્શન હેઠળ LCBની ટીમે મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી એક મોટો કેસ શોધી કાઢ્યો છે. LCB ગોધરાના ASI અને હેડ કોન્સ્ટેબલને ચોક્કસ બાતમી મળી હતી કે બેઢીયા ખડકી ટોલનાકા પાસે આવેલ નીલકંઠ પંજાબી હોટલના પાર્કિંગમાં એક ટાટા કન્ટેનર (નંબરઃ NL 01 AA 3636) શંકાસ્પદ હાલતમાં પડ્યું છે. આ બાતમી આધારે PSI એચ.આર. જેતાવત અને LCB ની ટીમે સ્થળ પર વોચ ગોઠવી કન્ટેનરને ચારેય તરફથી કોર્ડન કરી લીધું હતું. કન્ટેનરની તલાશી લેતાં તેમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી કુલ મુદ્દામાલઃ રૂ. ૧,૧૩,૭૩,૦૦૦/-કબજે કર્યો હતો.

રાજકીય વિવાદમાં ગુજરાત હાઇકોર્ટમાંથી મહત્વપૂર્ણ વળાંક

ગુજરાત હાઈકોર્ટનો મહત્વપૂર્ણ નિર્ણય: પેટાચૂંટણી ૨ બેઠકોની પરનો સ્ટે રદ

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

દેવગઢ બારિયા નગરપાલિકાના રાજકીય વિવાદમાં ગુજરાત હાઈકોર્ટમાંથી મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. નગર પાલિકાની બે બેઠકો પર યોજાનારી પેટા ચૂંટણી સામે મળેલો સ્ટે ગુજરાત હાઈકોર્ટ ની ડિવિઝન બેન્ચે રદ કરતાં હવે ચૂંટણી પંચ તમામ છ બેઠકો પર પેટાચૂંટણી યોજી શકશે.આ સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ હતી જ્યારે ભાજપના બળવાખોર સભ્ય નીલ રશ્મિકાંત સોની સહિત છ સભ્યોએ પક્ષના મેન્ડેટ વિરુદ્ધ જઈ અપક્ષના આઠ અને કોંગ્રેસના બે સભ્યોના સમર્થનથી અવિશ્વાસ પ્રસ્તાવ પ્રસાર કરી પ્રમુખ પદ મેળવ્યું હતું. ત્યારબાદ પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ ભાજપે નીલ સોની સહિત તમામ છ સભ્યોને પક્ષમાંથી હાંકી કાઢ્યા હતા. પૂર્વ પ્રમુખ ધર્મેશભાઈ ભરતભાઈ કલાલે પક્ષાંતર ધારા હેઠળ આ છ સભ્યો સામે નામોદિષ્ટ અધિકારી સમક્ષ સભ્યપદ રદ કરવાની અરજી કરી હતી. અરજીની સુનાવણી બાદ નામોદિષ્ટ અધિકારીએ પક્ષાંતર કાયદાનો ભંગ થયાનું માન્ય રાખી તમામ છ સભ્યોનું નગરપાલિકાનું સભ્ય પદ રદ કર્યું હતું. સભ્ય પદ રદ થતાં નિલ સોની સહિતના સભ્યોએ ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ કરી હતી. દરમિયાન ખાલી પડેલી છ બેઠકો માટે પેટાચૂંટણી જાહેર કરવામાં આવી હતી. જેમાં નીલ સોની અને અરુણાબેન પરમારે પોતાની બે બેઠકો પર ચૂંટણી યોજવા સામે સ્ટે મેળવ્યો હતો. ત્યાર બાદ ધર્મેશભાઈ કલાલે આ સ્ટેને ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચમાં પડકાર્યો હતો. ડિવિઝન બેન્ચે બંને બેઠકો પરનો સ્ટે રદ કરતાં હવે ચૂંટણી પંચ તમામ છ બેઠકો પર પેટાચૂંટણી યોજી શકશે. આ નિર્ણયને દેવગઢ બારિયા નગરપાલિકાના રાજકીય સમીકરણોમાં મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો છે.

સિંગવડ તાલુકામાં નહિવત વરસાદથી ખેડૂતો ચિંતામાં ગરકાવ

સિંગવડ : ચોમાસાની સિઝન વચ્ચે પણ સિંગવડ તાલુકા અને આજુબાજુના વિસ્તારમાં નહિવત પ્રમાણમાં વરસાદ વરસતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારમાં મોટા ભાગના ખેડૂતો ડાંગરનો પાક વાવે છે. પરંતુ અપેક્ષિત વરસાદ ન પડવાને કારણે ખેતરોમાં પાણી જમા થયું નથી. પરિણામે ડાંગરના રોપાને જરૂરી મુજબ વરસાદનું પાણી મળી રહ્યું નથી. પાણીના અભાવે ખેડૂતો હવે મજબૂરીથી પોતાના કુવા અને બોરવેલના પાણીથી ચાયડા ભરીને પાકને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વીજળી અને ડીઝલનો વધારાનો ખર્ચ થવા છતાં ખેડૂતો પાસે બીજો કોઈ વિકલ્પ નથી.

વરસાદના સમયે લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે : ગામની મહિલાઓ

ગોધરાના પઢીયાર ગામની ગ્રામસભામાં રસ્તાના અભાવના મુદ્દે મહિલાઓએ હોબાળો મચાવ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.28

ગોધરા તાલુકાના પઢીયાર ગામે પ્રાથમિક સુવિધાઓના અભાવે અને પંચાયતની કામગીરી સામે રોષે ભરાયેલી મહિલાઓએ ગ્રામસભામાં ભારે હોબાળો મચાવ્યો હતો. તારીખ ૨૮ જુલાઈ ૨૦૨૬ના રોજ ૧૬મા નાણાંપંચના કામોના ઠરાવો કરવા માટે આયોજિત ગ્રામસભામાં મહિલાઓએ રસ્તા જેવી પ્રાથમિક સમસ્યા મુદ્દે પંચાયતનો ઉધડો લીધો હતો. મહિલાઓનો મુખ્ય આક્ષેપ એ છે કે પંચાયતના દ્વારા ફળિયામાં ૧૦૦ ટ્રેક્ટર માટી નાખવામાં આવી હોવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ હકીકતમાં ફક્ત થોડા જ ટ્રેક્ટર માટી નાખીને કામ અધવચ્ચે છોડી દેવામાં આવ્યું છે જેના કારણે ચોમાસામાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વિકસિત ભારત 2047ના સપના વચ્ચે પઢીયાર ગામના મગજીના મુવાળા અને કરણના મુવાડા અને વિસ્તારના લોકો જ્યારથી વસવાટ કરે છે ત્યારથી પાકા રસ્તા જેવી પ્રાથમિક સુવિધાથી વંચિત છે. અધૂરા માટીકામના કારણે હાલ ચોમાસાની ઋતુમાં સમગ્ર વિસ્તારમાં કાદવ-કીચડનું સામ્રાજ્ય છવાઈ ગયું છે અને લોકો તેમાં રહેવા મજબૂર બન્યા છે. રસ્તાની બિસ્માર હાલતના કારણે ગ્રામજનો પોતાના ખાનગી વાહનો ઘર સુધી લઈ જઈ શકતા નથી. એટલું જ નહીં, આકસ્મિક બીમારી કે ઈમરજન્સીના સમયે એમ્બ્યુલન્સ પણ ફળિયામાં પ્રવેશી શકતી ન હોવાથી લોકો પારાવાર મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. પઢીયાર ગ્રામ પંચાયત ખાતે આગામી વિકાસના કામોના ઠરાવ માટે બોલાવવામાં આવેલી આ ગ્રામસભા અંગે ગામના ઘણા લોકોને અગાઉથી જાણ ન હોવાથી આગેવાનો અને ગ્રામજનો વચ્ચે ચર્ચા ચાલી રહી હતી તે જ સમયે મહિલાઓએ એકત્ર થઈને રસ્તા અને માટી નાખવાના મુદ્દે ઉગ્ર રજૂઆત કરી હતી.